નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ના સંક્રમણને અટકાવવા અને તેની સારવાર હેતુ માટે ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટના ઉપયોગ બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૦૨૦૨૧-ધા.સ.શ્રી-૦૩-ય
૭/૪, સરદાર પટેલ ભવન,
સચિવાલય,ગાંધીનગર
તારીખઃ૦૭/૦૫/૨૦૨૧

વંચાણે લીધાઃ-

(૧) વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળ અને માન. ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી હાથ ધરી શકાય તેવા કામોની અદ્યતન માર્ગદર્શક યાદી

(૨) સા.વ.વિ.(આયોજન)નો તા.૨૧/૦૪/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:વજઅ-૧૦૨૦૧૫-૭૭૫-ય.

(૩) સા.વ.વિ.(આયોજન)નો તા.૨૯/૦૪/૨૦૨૧નો ઠરાવ ક્રમાંકઃ-વજઅ-૧૦૨૦૨૧-ધા.સ.શ્રી-૦૩-ય

<u>આમુખ:</u>

વિકેન્દ્રિત જિલ્લા કાર્યક્રમ હેઠળ માન. ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી હાથ ધરી શકાય તેવા પ્રાથમિક આરોગ્ય સદર હેઠળ જિલ્લાના મુખ્ય મથકે આવેલ સરકારી હોસ્પીટલો તથા મહાનગરપાલિકા/નગરપાલિકા સંચાલિત હોસ્પીટલોને રૂ.૧૦.૦૦ લાખની મર્યાદામાંઆરોગ્ય વિષયક અદ્યતન મશીનો/સાધનો ફાળવી શકાય છે તેમજ સામુહિક આરોગ્ય કેન્દ્ર તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વૈધકીય સારવાર અંગેના તાંત્રિક સાધનો વસાવવાની જોગવાઇ પણ અસ્તિત્વમાં છે. આ ઉપરાંત સંદર્ભ ક્ર-3 પરના તા.૨૯/૦૪/૨૦૨૧ના ઠરાવથી ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી રૂ.૨૫.૦૦ લાખ સુધીની રકમ સીવીલ હોસ્પીટલો/અન્ય સરકારી હોસ્પીટલો/દવાખાનાઓ તેમજ મહાનગરપાલિકા તથા નગરપાલિકા સંચાલિત હોસ્પીટલો/દવાખાનાઓમાં અદ્યતન મશીનો/સાધનો ખરીદવા માટે માન.ધારાસભ્યશ્રી ફાળવી શકશે તેમ જોગવાઇ કરવામાં આવેલ છે.

હવે નોવેલ કોરોના વાઈરસ (COVID-19)ના સંક્રમણને અટકાવવા અને તેની સારવારના હેતુ માટે રાજ્ય સરકારશ્રી તરફથી લેવામાં આવતા પગલાંના ભાગરૂપે સ્થાનિક અગત્યતા ધરાવતા સામૂહિક વિકાસના કામોની ગ્રાન્ટ(ધારાસભ્ય ફંડ)માંથી કોરોના રોગચાળા સંદર્ભે સરકારી હોસ્પીટલો/દવાખાનાઓ/ તેમજ મહાનગરપાલિકા/નગરપાલિકા સંચાલિત હોસ્પીટલો/દવાખાનાઓમાં ઉપરોક્ત મર્યાદા ઉપરાંતવધારાના વૈધકીય સારવાર અંગેના સાધનો/અદ્યતન મશીનો માટે ફાળો ધારાસભ્યશ્રી ફંડમાંથી આપવાની બાબત તેમજ નહી નફો નહી નુકસાનના ધોરણે ચાલતી ટ્રસ્ટ સંચાલિત હોસ્પીટલો માટે જીવન રક્ષક/નિદાન માટેના તાંત્રિક સાધનો માટે ફાળવવામાં આવતી ગ્રાન્ટની જોગવાઈમાં ફેરફાર કરવાની બાબત પણ સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ:</u>

આ બાબતે, પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબનો નિર્ણય લેવામાં આવે છે;

૧. વંચાણે લીધેલ ક્રમ (૩) ઉપરના તા.૨૯/૦૪/૨૦૨૧ના ઠરાવની જોગવાઇઓ તાત્કાલિક અસરથી રદ કરીને નોવેલ કોરોના વાઈરસ(COVID-19)ની સારવારના હેતુ માટે ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી તમામ ધારાસભ્યશ્રીએ સીવીલ હોસ્પીટલો/અન્ય સરકારી હોસ્પીટલો/દવાખાનાઓ તેમજ મહાનગરપાલિકા તથા નગરપાલિકા સંચાલિત હોસ્પીટલો/દવાખાનાઓમાં અદ્યતન મશીનો/સાધનો ખરીદવા માટે ઓછામાં ઓછી ૫૦ લાખની રકમ ફરજિયાત ફાળવવાની રહેશે તેમ ઠરાવવામાં આવે છે.

૨. આ ઉપરાંત, ધારાસભ્યશ્રીની માર્ગદર્શક યાદીના પરિશિષ્ટ-૨ના ક્રમ-૩ પ્રાથમિક આરોગ્ય સદરના ક્રમ-૪ થી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પીટલો કે જે સેવાભાવથી અને નહી નફો નહિ નુકસાનના ધોરણે ચાલતી હોય તેવી હોસ્પીટલો માટે જીવન રક્ષક (Life Saving)/ નિદાન માટેના તાંત્રિક સાધનો માટે ૫૦ % રકમ ટ્રસ્ટ દ્વારા અને ૫૦ % રકમ ધારાસભ્યશ્રીની જોગવાઈમાં છૂટછાટ મૂકીને ટ્રસ્ટના ફાળા વિના જ રૂ.૫૦.૦૦ લાખ લાખની મર્યાદામાં માન. ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ફાળવવાની જોગવાઈ કરવામાં આવે છે. આ રીતે ફાળવાયેલ ગ્રાન્ટને પેરા-૧ ના હેતુથી લઘુત્તમ મર્યાદાની ગણતરીમાં લઈ શકશે.

૩. ધારાસભ્યશ્રીનો મતવિસ્તાર જે જિલ્લામાં પૂર્ણત: અથવા આંશિક રીતે સમાવિષ્ટ હોય તે જિલ્લાની જિલ્લા કક્ષાની સરકારી હોસ્પીટલ, ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત જિલ્લા વડામથકે આવેલ અને નહી-નફો-નહી-નુકસાનના ધોરણે ચાલતી હોય તેવી હોસ્પીટલો, જિલ્લામાં આવેલ અન્ય સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પીટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો, જે-તે ધારાસભ્યશ્રીના મતવિસ્તારમાં સમાવિષ્ટ ન હોય તો પણ તેવી હોસ્પીટલ/દવાખાનામાં ધારાસભ્યશ્રીઓ પોતાની ગ્રાન્ટો અદ્યતન મશીનો/સાધનો માટે ફાળવી શકશે.

ધારાસભ્યશ્રીનો મતવિસ્તાર જે જિલ્લામાં પૂર્ણત: અથવા આંશિક રીતે સમાવિષ્ટ હોય તે જ જિલ્લાની જ જિલ્લા કક્ષાની, સબ-ડિસ્ટ્રિક્ટ કક્ષાની, સામૂહિક આરોગ્ય કેન્દ્ર અને ટ્રસ્ટની હોસ્પીટલો/દવાખાનાઓને આ પ્રમાણે ગ્રાન્ટ ફાળવી શકાશે.

૪. ઉક્ત પેરા-૧માં જણાવેલ મર્યાદા લઘુત્તમ મર્યાદા હોવાથી જરૂર જણાય તો તેનાથી વધુ રકમ પણ ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી ફાળવી શકાશે.

૫. વધુમાં સરકારી અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ સંચાલિત દવાખાના/હોસ્પિટલની જરૂરિયાતને ધ્યાને લઈ જરૂરિયાત મુજબ માન. ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી ફાળવાતી રકમ માટે એક દવાખાના/હોસ્પિટલ માટે પણ કોઈ રકમની મર્યાદા લાગુ પડશે નહી.

૬. વધુમાં, પ્રવર્તમાન માર્ગદર્શિકાની જોગવાઈ ઉપરાંત, આ સાથે બીડેલ પરિશિષ્ટ-ક પ્રમાણેના સાધનો તમામ હોસ્પિટલ/દવાખાનાના ઉપયોગ માટે ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટોમાંથી લઈ શકાશે તેમ પણ ઠરાવવામાં આવે છે.

૭. આ ઠરાવની જોગવાઈઓ માત્ર વર્ષ ૨૦૨૧-૨૨ની ધારાસભ્યશ્રીઓની ગ્રાન્ટમાંથી વર્ષ ૨૦૨૧-૨૨માં મંજુર કરવામાં આવતા કામોને લાગુ પડશે.

૮. કામોના અમલીકરણ / ખરીદી માટે નિયત અમલીકરણ કચેરી તેઓના સંબંધિત વિભાગના પ્રવર્તમાન નિતી-નિયમોનું પાલન કરશે.

૯. ધારાસભ્ય ફંડમાંથી કામો મંજુર કરી કામોના અમલીકરણ બાબતે સરકારશ્રીની અન્ય પ્રવર્તમાન જોગવાઇઓ યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણાં વિભાગ મારફતે સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કેતન સુથાર)
નાયબ સચિવ (MLP)
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- નામદાર રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર,(પત્ર દ્વારા)
- માનનીય મુખ્ય મંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી/ અગ્ર સચિવશ્રી/ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,

- માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, ગાંધીનગર,
- સર્વે માનનીય મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે માનનીય રાજય કક્ષાનામંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર,
- માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- સર્વે ધારાસભ્યશ્રીઓ/સર્વે સંસદસભ્યશ્રીઓ,
- મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- અધિક મુખ્ય સચિવશ્રી / અગ્ર સચિવશ્રી / સચિવશ્રી તમામ વિભાગો, સચિવાલય, ગાંધીનગર,
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર,
- સચિવશ્રી, આયોજનના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર,
- આરોગ્ય કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર,
- સભ્ય સચિવશ્રી, સ્ટેટ હેલ્થ સોસાયટી ગુજરાત, ગાંધીનગર.
- સર્વે જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓ,
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ/સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ/સર્વે જિલ્લા આયોજન અધિકારીશ્રીઓ,
- સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ,
- મહાલેખાકારશ્રી, ગુજરાત રાજય,રાજકોટ/અમદાવાદ
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ,
- સામાન્ય વહીવટ વિભાગ,(આયોજન પ્રભાગના સર્વે અધિકારીશ્રીઓ/સર્વે શાખાઓ)
- સામાન્ય વહીવટ વિભાગ/(બજેટ) લ-શાખા,
- ઉપસચિવશ્રી, સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ, આ ઠરાવ GSWAN ઉપર મુકવાની વિનંતી સહ.
- શાખા પસંદગી ફાઈલ / નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઈલ.

## પરિશિષ્ટ-૬

**તા.૦૭/૦૫/૨૦૨૧ ના ઠરાવ ક્રમાંક : વજઅ/૧૦૨૦૨૧/ધા.સ.શ્રી-૦૩/ચ નું બિડાણ**

**(ધારાસભ્યશ્રીની ગ્રાન્ટમાંથી કોરોના (કોવિડ-૧૯)ની**

**સારવાર માટે હોસ્પીટલો/દવાખાનામાં લેવાપાત્ર સાધનોની વધારાની યાદી)**

| ક્રમ | વસ્તુનું નામ |
|---|---|
| ૧ | ઓકસીજન કન્સેન્ટ્રેટર – ૧૦ લીટર |
| ૨ | હાઇ ફ્લો ઓક્સીજન થેરાપી ડિવાઇસ |
| ૩ | મલ્ટીપેરા મોનિટર |
| ૪ | લીક્વીડ ઓક્સીજન સ્ટોરેજ ટેન્ક – ૬૦૦૦ લીટર |
| ૫ | PSA (પ્રેસર સ્વિંગ એડસોર્પ્શન) ઓક્સીજન સ્ટોરેજ ટેન્ક – ૫૦૦ લીટર |
| ૬ | PSA (પ્રેસર સ્વિંગ એડસોર્પ્શન) ઓક્સીજન સ્ટોરેજ ટેન્ક – ૨૫૦ લીટર |